ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા:૦૬/૦૮/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
.............................,
ભાવનગર.

## મહુવાની શાળા નં. ૧૦ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ની મુલાકાતે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર છેલ્લા ૧૪ વર્ષથી ભાવનગર શહેર તથા જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શાળાઓ, કોલેજો, વિવિધ મહિલા મંડળો તથા ખેડુતો માટે અનેકવિધ કાર્યક્રમો દ્વારા વિકસતા વિજ્ઞાનની સમજુતિ સાથે વૈજ્ઞાનિક અભીગમ કેળવાય તેવા સતત પ્રયત્નો કરી રહયું છે.

જેમાં વિજ્ઞાન સફર એક મહત્વનો કાર્યક્રમ છે. વિજ્ઞાન સફરમાં ભાવનગર જીલ્લાની કોઈપણ શાળાના વિદ્યાર્થીઓ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરની મુલાકાત લઈ શકે છે. મુલાકાત દરમ્યાન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર પર રહેલા ગણીત – વિજ્ઞાનના મોડેલ્સ, સેન્સરથી ચાલતા મોડેલ્સ, સાયન્ટીફીક મુવી શો વગેરે નીહાળી આનંદ અને ઉત્સાહ પૂર્વક વિજ્ઞાનને પોતાના રસનો વિષય બનાવે છે.

જેના અનુસંધાને તા. ૨ ઓગસ્ટ, ૨૦૧૬ શનીવારના રોજ શ્રી કે. ઓ. વોરા પ્રાથમીક શાળા નં. ૧૦, મહુવા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરની મુલાકાતે આવી હતી.જે અંર્તગત વિદ્યાર્થીઓ એ પોતાના અભ્યાસ ક્રમમાં આવતા ફિઝિકસ અને કેમેસ્ટ્રીને લગતા પ્રયોગોની પ્રોયોગીક રજુઆત કરી સરળ સમજુતી આપવામાં આવી હતી. આ ઉપરાંત બાયોલોજી લેબની મુલાકાત લઈ મોડેલ્સ પ્રદર્શન નીહાળ્યુ ત્યાર બાદ મલ્ટીમીડીયા થીએટરમાં વિદ્યાર્થીઓને 'મંગળ ગ્રહ' પર સાયન્ટીફીક મુવી બતાવવામાં આવ્યુ. જે વિદ્યાર્થીઓએ રસ પૂર્વક નિહાળ્યુ અંતમાં ઊર્જાને લગતા ચાર્ટસનું પ્રદર્શન વિદ્યાર્થીઓએનિહાળ્યુ.

સમગ્ર કાર્યક્રમમાં શાળામાંથી પધારેલ આચાર્ય અને શીક્ષકોએ પુરતો સાથ સહકાર આપેલ.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.